# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યનું 3 લાખ 70 હજાર 250 કરોડના કદવાળું બજેટ રજૂ કરતાં નાણામંત્રી કનુ દેસાઈ
2. બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે, 12 નવા હાઈસ્પીડ કોરિડોર 50 હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડની અને સુરત ઇકોનોમિક રિજીયન વિકસાવવાની અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી
3. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંદાજપત્રને જનકલ્યાણકારી ગણાવ્યું ત્યારે કોંગ્રેસે બજેટમાં કંઈ નવું નહી હોવાનો મત વ્યક્ત કર્યો – ઉદ્યોગજગતે બજેટને આવકાર્યું.
4. રાજ્યની સરહદોના વિવિધ સ્થળ પર 411 CCTV કેમેરા લગાવવાની ગૃહ રાજ્યમંત્રીની જાહેરાત
5. રાજ્યના પ્રાચીન શહેર પાટણનો આજે એક હજાર 280મો સ્થાપના દિવસ ઉજવાયો.

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET MAIN STORY -1

વિકસિત ગુજરાત ૨૦૪૭ની નેમસાથે આજે રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ વિધાનસભામાં આજે ત્રણ લાખ 70 હજાર 250 કરોડનું બજેટ રજૂ કર્યુ હતું. બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે નમોશક્તિ એક્સપ્રેસ-વે તથા સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે અને 12 નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવાની પણ જાહેરાત કરાઇ છે. પાછલા વર્ષની સરખામણીમાં 37 હજાર 785 કરોડના આ વધારા સાથે રજૂ થયેલા આ બજેટમાં 50 હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડની જોગવાઇ કરવામાં આવી છે..

આ ઉપરાંત ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુટ ફોર ટ્રાન્સફરોર્મેશન ગ્રીટની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતને વિકસિત અને સમૃધ્ધ બનાવવા માટે સુરત ઇકોનોમિક રિજીયનની જેમ અમદાવાદ, રાજકોટ, કચ્છ, વડોદરા, સૌરાષ્ટ્ર ક્ષેત્રનો આર્થિક વિકાસ કરાશે. આ ઉપરાંત ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ, ગ્યાન પર ધ્યાન કેન્દ્રિત કરાયુ છે..

અંદાજપત્રમાં સૌથી વધુ 59 હજાર 999 કરોડ રૂપિયાની જોગવાઇ કરીને રાજ્યના શિક્ષણને વધુ સક્ષમ બનાવાનો પ્રયાસ કરાયો છે.

## (બાઇટ કનુ દેસાઇ, નાણામંત્રી, જોગવાઇ)

આ ઉપરાંત  દાહોદ ખાતે નવા એરપોર્ટનું નિર્માણ કરવાની પણ આ અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે..

# BUDGET MAIN STORY -2

રાજ્યમાં 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને અને તેને વિશ્વસ્તરીય બનાવવાના હેતુસર શહેરી વિકાસના બજેટમાં 40 ટકાનો વધારો, નવી મહાનગરપાલિકાઓના માળખાકીય વિકાસ માટે નાણાંકીય ફાળવણી પણ કરવામાં આવી હોવાની જાહેરાત નાણામંત્રીએ કરી હતી.

## (બાઇટ- કનુ દેસાઇ , નાણામંત્રી)

આ ઉપરાંત ગરીબોને આવાસમાટે પીએમ આવાસ સહિતની વિવિધ ગ્રામીણમાં અપાતી સહાય પચાસ હજારથી વધારીને એક લાખ સિત્તેર હજાર રૂપિયા કરાઈ છે.

આ ઉપરાંત આદિવાસી લોકોના કલ્યાણ માટે આદિજાતિના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આ વર્ષે 30 હજાર કરોડની જોગવાઇ કરાઇ છે. જ્યારે રાજ્યના મત્સ્યોદ્યોગના વિકાસ માટે એક હજાર 622 કરોડનું પેકેજ જાહેર કરાયું છે.

બાળકોના પોષણ માટે 8460 કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્ર માટે એક હજાર 612 કરોડ બજેટમાં ફાળવવાને રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવાના સરકારના પ્રયાસને વધુ વેગ મળશે.

સૌથી ઉભરતા એવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રને વેગ આપવા માટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં એ.આઈ. લેબ અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા ચાર રિજિયનમાં આઈ-હબની સ્થાપનાની પણ જાહેરાત કરાઇ છે.

# BUDGET MAIN STORY -3

નારીશક્તિના સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે નવી મહત્વપૂર્ણ યોજના 'સખી સાહસ યોજના'ની જાહેરાત કરી હતી. આયોજનાથી સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.

## (બાઇટ- કનુ દેસાઇ, મહિલા માટે)

આ અંદાજપત્રમાં જનતા જૂથ અકસ્માત વીમા યોજનાનુ વીમા સુરક્ષા કવચને ચાર લાખ કરવામાં આવ્યું છે. આ વીમા કવચનો લાભ લગભગ 4 કરોડ 45 લાખથી વધુ લોકોને મળશે બજેટમાં  દિવ્યાંગજનોને પણ ધ્યાનમાં રાખીને તેમના લાભોમાંપણ વધારો કર્યો છે.. આ બજેટમાં તમામ વર્ગો, સમાજને આવરીને ગુજરાતના સર્વાંગી વિકાસના ધ્યેય રાખવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ નાણા મંત્રીએ પોતાના બજેટના સંબોધનમાં કર્યો હતો.

. . . . . . . . . . . . .

# GUJARAT BUDGET Annoucement -1

આ અંદાજપત્રમાં નવી જાહેરાત પણ કરવામાં આવી છે.

જેમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 21 ટકાનો વધારો કરાયો. ઉપરાંત આદિજાતિ સમુદાય માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજના માટે 37 ટકાનો વધારો કરી એક હજાર 100 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

દિવ્યાંગ સંત સૂરદાસ યોજના હેઠળ 80 ટકાની જગ્યાએ 60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા 85 હજારથી વધુ દિવ્યાંગજનોને 12 હજાર રૂપિયાની સહાય મળશે. અંદાજપત્રમાં નવ નવી મહાનગરપાલિકાના વિકાસને વેગ આપવા માટે

2 હજાર 300 કરોડ રૂપિયાની જોગવાઈ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જોગવાઈ 8 હજાર 883 કરોડ રૂપિયાથી વધારી 12 હજાર 847 કરોડ કરાઈ છે.

મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે 200 કરોડ, વિવિધ શિષ્યવૃત્તિઓ માટે 4 હજાર 827 કરોડ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા-I.T.I.ને અપગ્રેડ કરવા 450 કરોડ, રાજ્યના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો સિવાય સ્ટાર્ટ-અપ એકમોની વિવિધ યોજનાઓ હેઠળ સહાય માટે અંદાજે 3 હજાર 600 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે 10 જિલ્લાઓમાં કુલ 20 સ્થળે સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બાંધવામાં આવશે, જેનો લાભ 13 હજારથી વધુ વિદ્યાર્થીઓને થશે.

અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્પૉર્ટ્સ એન્કલૅવ અને કરાઈ ખાતે આંતર-રાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

# GUJARAT BUDGET Annoucement -2

જ્યારે અમદાવાદની L.D. ઈજનેરી કૉલેજ અને અન્ય છ સરકારી ટૅક્નિકલ સંસ્થાઓ ખાતે કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. લૅબ સ્થાપિત કરાશે. રાજ્યમાં અમલી "ગ્લૉબલ કૅપેબલિટી સેન્ટર્સ- G.C.C." નીતિથી સર્વિસ ક્ષેત્રમાં 50 હજારથી વધુ રોજગારીનું સર્જન થશે.

અંદાજપત્રમાં રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વે બનાવવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BUDGET REACTION - 1

નાણાંમંત્રી કનુ દેસાઈએ આજે વિધાનસભામાં રજૂ કરેલા અંદાજપત્રને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકાર્યું હતું. તેમણે શિક્ષણ, કૃષિ, આરોગ્ય અને મહિલા સશક્તિકરણ માટેની આર્થિક જોગવાઇઓને આવકારીને આ અંદાજપત્રને જનકલ્યાણકારી ગણાવ્યું હતું.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ,મુખ્યમંત્રી )

અંદાજપત્ર અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ આ બજેટમાં કંઇ નવુ નથી તેમ કહ્યું હતું.

(બાઇટ- અમિત ચાવડા, નેતા કોંગ્રેસ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

# BUDGET REACTIONS - 2

ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા વર્ષ 2025-26ના અંદાજપત્રને ખેડૂત અને ઉદ્યોગ સહિતના તમામ ક્ષેત્રના લોકોએ આવકાર્યું છે.

કચ્છ ઔદ્યોગિક સંગઠન મહામંડળ- ફોકિયાના પ્રમુખ નિમિષ ફાળકેએ અંદાજપત્રને રાજ્યના વેપાર અને ઉદ્યોગ માટે લાભદાયી ગણાવ્યું.

**(બાઈટઃ નિમિષ ફાળકે)**

અંદાજપત્રમાં મકાન સહાયમાં 50 હજાર રૂપિયાનો વધારો કરાયો. તે અંગે સુરેન્દ્રનગરના સામાજિક કાર્યકર્તા હર્ષદ વ્યાસે પ્રતિભાવ આપ્યો હતો.

(બાઈટઃ હર્ષદ વ્યાસ, સામાજિક કાર્યકર્તા)

તાપી જિલ્લાના ખેડૂતોએ અંદાજપત્રને ખેડૂતલક્ષી ગણાવી સરકારનો આભાર વ્યક્ત કર્યો. આ અંગે ખેડૂત નટવર ગામીતે પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટઃ નટવર ગામીત, ખેડૂત, સોનગઢ)

રાજકોટના બિલ્ડર સર્વનાદ સોનવાણીએ અંદાજપત્ર અંગે પ્રતિક્રિયા આપતા જંત્રી ન વધે તો બાંધકામ ઉદ્યોગને લાભ થાય તેમ જણાવ્યું હતું.

(બાઈટઃ સર્વનાદ સોનવણી, બિલ્ડર, રાજકોટ)

. . . . . . . . . . . . .

# VISHVAS PROJECT 2 CCTV CAMERA

રાજ્યની સરહદોના 79 પ્રવેશ અને નિર્ગમન સ્થળ પર 411 સીસીટીવી કૅમેરા લગાવાશે. વિશ્વાસ પ્રોજેક્ટ અંગે ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ માહિતી આપી. તેમણે કહ્યું, “વિશ્વાસ પ્રોજેક્ટના બીજા તબક્કા હેઠળ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ-દીવ, દાદરા અને નગરહવેલી સાથેની સરહદ પર આ કામગીરી કરાશે. પ્રોજેક્ટના પહેલા તબક્કા અંતર્ગત રાજ્યના 41 શહેરમાં કુલ 7 હજારથી વધુ કૅમેરા લગાવાયા તેમ જ 35 કમાન્ડ ઍન્ડ કન્ટ્રોલ સેન્ટર કાર્યરત્ કરાયા છે.”

શ્રી સંઘવીએ ઉમેર્યું, હાઈ ટેક્નોલૉજી સાથેના સીસીટીવી કેમેરા થકી રિયલ ટાઈમ મૉનિટરીંગના કારણે કાયદા-વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા તથા ગુના નિવારણ અને શોધની કામગીરીમાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ છે. વિશ્વાસ પ્રોજેક્ટના પહેલા તબક્કા હેઠળ 12 હજારથી વધુ ધાડ, લૂંટ, ચોરી સહિત અન્ય ગુનાઓ શોધવામાં પોલીસને સફળતા મળી હોવાનું પણ શ્રી સંઘવીએ ગૃહમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. તેમ જ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ કોઈ મોટો ફેરફાર નહીં થાય તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. ગત 24 કલાકમાં રાજ્યમાં લઘુતમ તાપમાન 15.2 ડિગ્રી સેલ્સિયસ જુનાગઢના કેશોદમાં નોંધાયું છે. જ્યારે 35.6 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 19 અને મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

આગામી 24 કલાકમાં અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . .